# Day to Day Current Affairs
## July – 2015

### ❖ ૨૯ જુલાઈ, ૨૦૧૫ (બુધવાર)

### 1) ૨૯ જુલાઈ :–

- વર્લ્ડ ટાઈગર ડે
- દુનિયામાં ભારત સૌથી વધારે વાઘ ધરાવે છે
- હાલમાં ભારતમાં ૨૨૨૬ વાઘ છે જે છેલ્લે ૨૦૧૦માં થયેલી ગણતરી કરતા ૩૦ ટકા વધારે છે.
- દુનિયાના કુલ વાઘમાંથી ૭૦ ટકા ભારતમાં રહે છે.
- ભારતમાં વાઘ માટે ૪૮ સરંક્ષિત જગ્યાઓ છે.

### 2) જે. આર. ડી. તાતા :–

- જહાંગીરજી રતનજી દાદાભાઈ તાતાની આજે ૧૧૧ મી જન્મજયંતી છે.
- તેમનો જન્મ ૨૯ જુલાઈ, ૧૯૦૪ ના રોજ થયો હતો
- અવસાન – ૨૯ નવેમ્બર, ૧૯૯૩
- તેમને ભારત સરકાર દ્વારા વર્ષ ૧૯૯૨ માં ભારતના સર્વોચ્ચ સન્માન ભારતરત્નથી સન્માનિત કરાયા હતા.

### 3) રાજયની ગાય – ભેંસોને યુનિકકોડ નંબરથી ઓળખ અપાઈ :–

- રાજયના પશુધનને આગવી ઓળખ આપવા પશુપાલન વિભાગ રાજયની ગાય – ભેંસોને યુનિકકોડ આપી જન્મકુંડળી જાણી શકશે.
- યુનિક કોડની મદદથી પશુની પ્રજાતિ, પશુનો કલર, શિંગડાનો આકાર, દુધ, કેટલું આપે છે. વિયાણનો સમય, કૃત્રિમ બીજદાન કયારે કરાયું તે તમામ વિગતો કમ્પ્યુટરમાં પશુ યુનિકોડ નંબરમાં એન્ટ્રી કરવામાં આવે છે
- તેમજ પશુ કયા રોગથી પિડીત છે, કયારે કયા રોગની સારવાર કરી, ગાય – ભેંસ ગર્ભધારણ કરે છે કે કેમ અને દુધની ગુણવતા સહીતની માહિતી પણ મળી શકશે.
- આ માટે ગાય – ભેંસના કાન પર ૧૨ ડીજીટ નંબર લગાવવામાં આવશે.
- નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ પશુધનની ઓળખ માટે 'ઈનાધ' નામનું ખાસ સોફ્ટવેર વિકસાવ્યું છે.
- બે વર્ષ પહેલા સાબરકાંઠામાં પશુધનને યુનિકકોડ નંબર આપવાનો પાયલોટ પ્રોજેકટ હાથ ધર્યો હતો જેમા સફળતા મળતા રાજય પશુપાલન વિભાગે રાજકોટ, સુરેન્દ્રનગર અને સુરત જિલ્લામાં આ કામગિરિ શરૂ કરી છે.

### 4) ડો. સુનિતિ સોલોમન:–

- ભારતમાં એચ. આઈ. વી. સારવાર પ્રણેતા ડો. સુનિતિ **સોલોમન** નું અવસાન.
- ડો. **સોલોમન** દેશનું પહેલું એચઆઈવી કાઉન્સેલિં, રિસર્ચ અને ટેસ્ટિંગ સેન્ટર શરૂ કર્યુ હતુ.

### 5) કલાઈવ રાઈસ – સાઉથ આફ્રિકન ક્રિકેટર :–

- સાઉથ આફ્રિકાના ભૂતપૂર્વ કેપ્ટન કલાઈવ રાઈનું અવસાન
- કલાઈવ સા. આફ્રિકા તરફથી ત્રણ વન ડે રમ્યા હતા.
- ઈ.સ. ૧૯૯૧ માં તેઓ ત્રણ વન ડેની શ્રેણી રમવા માટે ભારત આવ્યા હતા એને તે વખતે સા. આફ્રિકન ટીમના કેપ્ટન હતા.

### 6) વર્ષ – ૨૦૧૫ માં સૌથી વધુ વન ડે સદીઓનો વિક્રમ સર્જાયો :–

- એક જ કેલેન્ડર વર્ષમાં સૌથી વધુ સદીનો રેકોર્ડ ચાલુ વર્ષે – ૨૦૧૫ માં નોંધાયો.
- પ્રથમ સાત મહિનામાં જ ૮૦ સદી નોંધાઈ જે અત્યાર સુધીની સર્વાધીક છે.
- તાજેતરમાં પાકિસ્તાન – શ્રીલંકા વચ્ચે રમાયેલી વન ડે મેચમાં કુશલ પરેરાએ ફટકારેલી સદીએ – ૨૦૧૫ના વર્ષમાં નોંધાયેલી ૮૦ મી સદી છે.
- અગાઉ ૭૯ સદીનો રેકોર્ડ – ૨૦૧૪માં જ નોંધાયો હતો.

### 7) જી. આર. અલોરિયા :–

- રાજયના ચીફ સેક્રેટરી જી. આર. અલોરિયાની જીએસપીસીના ચેરમેન પદે નિયુકિત કરાઈ છે.
- અત્યાર સુધી આ પદનો ચાર્જ જીએસપીસીના એમડી અતનું ચક્રવર્તી પાસે હતો.
- ગુજરાત સ્ટેટ પેટ્રો કેમિકલ્સ લિમિટેડ કંપની રાજય સરકારની માલિકીની છે અને તેના ચેરમેન તરીકે હોદાની રૂએ મુખ્ય સચિવ જ હોય છે, પરંતુ અત્યાર સુધી તે ચાર્જ ચક્રવર્તી પાસે હતો.

### 8) આશિષ બહુગુણા :–

- તાજેતરમાં આશિષ બહુગુણાની એફએસએસએઆઈ ના ચેરમેન પદે નિમણૂંક કરાઈ છે
- FSSAI – ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા.
- આશિષ બહુગુણા ૧૯૭૮ બેચના રાજસ્થાન કેડરના આઈએએસ અધિકારી છે.

Vivekanand Academy, Gandhinagar